ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૪/૧૯–૨૦/ ૬૭૦૫ તારીખ : 18 DEC 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૪/૧૯–૨૦

પ્રતિ,
**મે.સોન્ફેરી સેનીટરીવેર્સ,**
જુના અભેપર રોડ,
૬૬ કે.વી. સબ સ્ટેશન નજીક,
નવાગામ બાયપાસ રોડ,
થાનગઢ–૩૬૩ ૫૩૦.
**મો.નં. ૮૧૪૧૯ ૭૮૫૦૦.**

**વિષય : બળેલ ટ્રાન્સફોર્મરનો ચાર્જ ભરાવવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૮/૦૯/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૧૯–૨૦/૩૮૩૪ તા.૩૦/૦૯/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૧૯–૨૦/૪૦૦૬ તા.૧૦/૧૦/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૧૯–૨૦/૪૩૬૪ તા.૧૪/૧૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૧૦/૨૦૧૯** તથા **તા.૧૯/૧૧/૨૦૧૯** નાં રોજ રૂબરૂ રજુઆત કરવા ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં તમો એકપણ વખત હાજર રહેલ નથી. આપની રજુઆતનાં સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૬૪/૧૯–૨૦</u>** ☜

વાદી :– મે.સોન્ફેરી સેનીટરીવેર્સ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૨૪.૧૦.૧૯ તથા ૧૯.૧૧.૧૯** ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.સોન્ફેરી સેનીટરીવેર્સ, મુ.થાનગઢ, જી.સુરેન્દ્રનગરની બળેલ ટ્રાન્સફોર્મરનો ચાર્જ ભરાવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૪/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૬૪/૧૯–૨૦/૩૮૩૪ તા.૩૦.૦૯.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૪.૧૦.૧૯ તથા ૧૯.૧૧.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી એકપણ વખત હાજર રહેલ નથી તથા પ્રતિવાદી તરફે શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો એલ.ટી. વીજજોડાણ સોન્ફેરી સેનીટરીવેર્સ ના નામે ગ્રાહક નં.૨૭૭૦૧/૧૬૨૩૨/૧ થી ૧૦૦ KW નું LTMD વીજજોડાણ ધરાવતાં હતાં, ત્યારે એચ.ટી. લાઈનમાં કોઈ ફોલ્ટ થવાના કારણે અમારૂ ટ્રાન્સફોર્મર બળી ગયેલ.

૧.૨ ત્યારબાદ બદલવા બાબતે રજુઆત સબ ડીવીઝનમાં કરતાં સુ.નગરનાં કાર્યપાલક ઈજનેર દવારા ટ્રાન્સફોર્મર બળ્યાનો પીજીવીસીએલનો મહતમ ચાર્જ રૂા.૩૨,૫૮૫/– પાવતી નં.XJ–૭૦૪૪૧૧ તા.૧૮/૦૭/૧૮ ના રોજ ભરેલ. ત્યારબાદ અમારૂ ટી.સી. બદલી આપવામાં આવેલ. જી.ઈ.આર.સી.ના નિયમ મુજબ ગ્રાહકનો LTMD કનેકશન પાવર મીટર સુધી પહોંચાડવાની જવાબદારી જે તે ડીસ્ટ્રીબ્યુશન કંપનીની હોય છે તો ઉપરોકત રૂપિયા અમોને રીફન્ડ આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

..૨..

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ સનફેરી સેનેટરીવેર એ એલ.ટી.એમ.ડી. કનેકશન ધરાવે છે. તેઓને સપ્લાય કોડ ૨૦૧૫ ના કલોઝ નં.૪.૯૫ મુજબ તેઓની વીજમાંગ ૪ વખત ૫ % થી વધારે કનેકશન ચાલુ થયા ત્યારથી આવતાં તેઓને સુવોમોટો હેઠળ થાન પેટા વિભાગીય કચેરી હેઠળ આઉટવર્ડ નં.૫૪૯૩ તા.૨૨/૦૬/૧૮ ના રોજ આર.પી.એ.ડી. થી નોટીસ આપવામાં આવેલ.

૨.૨ સનફેરી સેનેટરીવેર ને આખરી નોટીસ વિભાગીય કચેરી દવારા એસ.એન.ડી./ટેક–૨/૮૦૯૪ તા.૦૪/૦૮/૧૮ ના રોજ આપવામાં આવેલ.

૨.૩ પીજીવીસીએલ કંપનીએ જયારે સનફેરી સેનેટરીવેરનું કનેકશન રીલીઝ કર્યા તારીખથી ૧૦૦ કીલોવોટની સામે એવરેજ ૧૩૨.૨૫ કીલોવોટની ડીમાન્ડ વાપરેલ છે એટલે કે ૩૨ કીલો વોટ વધુ ડીમાન્ડ વાપરે છે.

૨.૪ પીજીવીસીએલ દવારા સુવોમોટો ની નોટીસ આપ્યા બાદ ટ્રાન્સફોર્મર બળતા કંપનીને આર્થિક નુકશાન થતાં ગ્રાહક પાસેથી બળેલ ટ્રાન્સફોર્મર પેટે ચાર્જ વસુલવામાં આવેલ છે.

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર સનફેરી સેનેટરીવેર્સ ગામ–થાનગઢમાં ૧૦૦ KW નું LTMD ટેરીફ હેઠળ ઔદ્યોગિક વીજજોડાણ ગ્રાહક નં.૨૭૭૦૧/૧૬૨૩૨/૧ થી ધરાવતાં હતાં.

૩.૨ પ્રતિવાદીએ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન વાદીનાં LTMD વીજજોડાણમાં કરારીત વીજમાંગ ૧૦૦ KW કરતાં વધારે વીજમાંગ રેકોર્ડ થતાં, પ્રતિવાદીએ વાદીને તેઓનું વીજજોડાણ સપ્લાય કોડનો કલોઝ નં.૪.૯૫ મુજબ એચ.ટી. વીજજોડાણ કરવા માટે નોટીસ આપેલ.

૩.૩ ત્યારબાદ તા.૧૮/૦૭/૧૮ ના રોજ પ્રતિવાદીએ વાદીનું વીજ સ્થાપન પરનું ટ્રાન્સફોર્મર બળી જવાથી અને વાદીનાં વીજજોડાણમાં કરારીત વીજમાંગ કરતાં વર્ષ ૨૦૧૭–૧૮ માં વધુ સરેરાશ ૩૨ KW ની વીજમાંગ રેકર્ડ થતાં, પ્રતિવાદીએ વાદીનું ટ્રાન્સફોર્મર બળી જવાથી, ટ્રાન્સફોર્મરનાં ખર્ચ પેટે રૂા.૩૨,૫૮૫/– ની વસુલાત માટે નોટીસ આપી અને રૂા.૩૨,૫૮૫/– વસુલ કરેલ, આથી વાદીએ ફોરમને રીફન્ડ કરવા રજુઆત કરેલ છે.

૩.૪ પ્રતિવાદીએ સપ્લાય કોડ ૦૪/૨૦૧૫ ના કલોઝ નં.૪.૯૫ મુજબ આપેલ નોટીસ યોગ્ય છે અને તે મુજબ પ્રતિવાદી વાદી સામે તેના વીજજોડાણને એચ.ટી. વીજજોડાણ કરવા માટે કલોઝ નં.૪.૯૫ માં જણાવ્યા મુજબ આગળ કાર્યવાહી હાથ ધરી શકે છે પરંતુ વાદીનાં વીજ સ્થાપનનું ટ્રાન્સફોર્મર બળી જવાથી, ટ્રાન્સફોર્મરનો ખર્ચ રૂા.૩૨,૫૮૫/– જે વસુલ કરેલ છે તે યોગ્ય અને નિયમોનુસાર નથી.

૩.૫ વાદી તા.૨૪/૧૦/૧૯ ના રોજ તેમજ તા.૧૯/૧૧/૧૯ ના રોજ ફોરમ સમક્ષ હાજર રહેલ ન હોય, વાદીએ ફોરમને કરેલ લેખિત રજુઆત તેમજ પ્રતિવાદીએ કરેલ રજુઆતને ધ્યાનમાં લઈ, હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ રૂા.૩૨,૫૮૫/– વાદીનાં ખાતામાં જમા આપવાં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એન. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૧૯.૧૧.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar